જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૯/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૩૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ, ૫૦૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૩૨૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી:– **સમાચાર યાદી નં.૧૩૩૦/૨૦૨૬**

ખોખરા: બેનુપ્રભાકર સ/ઓ દામોદરપ્રસાદસિંહ (ઉ.વ.૬૦)(રહે.ગોકુલ પાર્ક સોસાયટી, ગોરનો કુવો, મણીનગર પુર્વ, ખોખરા) એ તા.૨૦/૦૯/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૬ સાંજના ૫/૫૫ થી તા.૦૫/૦૯/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન કોઇ અજાણ્યા ઇસમે KANTILAL CHUNILAL & SONS APPLIANCES PVT LTD કંપની સુરતનુ ઇ–મેઇલ આઇ.ડી હેક કરી KANTILAL CHUNILAL & SONS APPLIANCES PVT LTD કંપની સુરતની ખોટી ઓળખ ધારણ કરી, બેનુપ્રભાકર એ હિટર મેળવવા માટે કરેલ ઓર્ડરનુ બાકીનુ પેમેન્ટ BANK OF BARODA ના ખાતામાં મોકલી આપવા બેનુપ્રભારકરની કંપનીના ઇ–મેઇલ એડ્રેસ ઉપર ઈ–મેઇલ કરી જાણ કરતા, બેનુપ્રભાકરએ તેમની કંપનીના બેંક ખાતામાંથી મોબાઇલ એપ્લીકેશન મારફતે બાકીનુ પેમેન્ટ કુલ રૂપિયા ૨,૦૭,૫૦૦/– ઓનલાઇન મોકલી આપતા તે રૂપિયા BANK OF BARODA ના ખાતાના ધારકે મેળવી લઈ બેનુપ્રભાકર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.સાવલિયા ચલાવે છે.

દિવાલ પડતા મૃત્યુ: **સમાચાર યાદી નં.૧૩૩૧/૨૦૨૬**

કાગડાપીઠ: સુમિતભાઇ રાણાજી રાઠોડ (ઉ.વ.૧૮)(રહે. બિપીનપાર્ક સોસાયટી, બળિયાદેવના મંદિરની બાજુમાં, બહેરામપુરા) તા.૧૪/૦૯/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઉભા હતા ત્યારે કોઇ કારણસર દિવાલ પડી જતા, સુમિતભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે એસવીપી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૯/૨૬ બપોરના ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.પટેલીયા ચલાવે છે.

આત્મહત્યાઃ **સમાચાર ચાદી નં.૧૩૩૨/૨૦૨૬**

રામોલઃ અશોકભાઇ ભાસ્કરભાઇ ઇસે (ઉ.વ.૪૧)(રહે.નિજપાર્ક સોસાયટી, મેટ્રો પીલ્લર નંબર-૧૪૨ સામે, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૬ સવારના ૧૧/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

વટવાઃ સરોજબહેન વા/ઓ અરવિંદભાઈ રાણા (ઉ.વ.૬૧)(રહે. મુક્તજીવન સોસાયટી મુર્તિ મંદીર રોડ, ઘોડાસર વટવા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે પહેરેલ કપડાને આગ લગાવી સળગી જતા, સારવાર અર્થે તેમને કેર એન્ડ કયોર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૯/૨૦૨૬ સાંજના ૪/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી